# ધનસુરાની શ્રી ઓધવ વિદ્યામંદિરનું કલા મહાકુંભ ૨૦૨૨માં ઉત્કૃષ્ટ પરિણામ




ધનસુરા ની શ્રી ઓધવ વિદ્યામંદિર નું કલા મહાકુંભ ૨૦૨૨માં ઉત્કૃષ્ટ પરિણામ આવ્યુ હતું. જિલ્લા કક્ષાએ ઓધવ વિદ્યામંદિર ના વિદ્યાર્થીઓએ સુંદર પ્રદર્શન કર્યું હતું ૬ થી ૧૪ વર્ષ ની વય જૂથ માં ગરબા માં પટેલ વિશ્વા કૌશિકભાઈ અને ટીમ પ્રથમ નંબરે આવી હતી. રાસમાં પટેલ ધાર્મિક અનિલભાઈ અને ટીમ પ્રથમ આવી હતી.સમુહ ગીત માં પટેલે વિશ્વા વિશાલભાઈ દ્વિતીય નંબરે આવી હતી. ચિત્રકલામાં પટેલ ત્રિશા જયેશભાઈ દ્વિતીય નંબરે આવી હતી.૨૧ થી ૫૯ વર્ષ ની વય જૂથ માં લગ્ન ગીતમાં પટેલ નીલમબેન ધીરુભાઈ દ્વિતીય નંબરે આવ્યા હતા ૬ થી ૧૪ વર્ષની વય જૂથમાં એક પાત્રીય અભિનય માં પટેલ પ્રાચી વિજયકુમાર ત્રીજા નંબરે રહ્યા હતા ૨૧ થી ૫૯ વર્ષની વય જૂથમાં કાવ્યલેખનમાં પટેલ ધારાબેન સુરેન્દ્રભાઈ ત્રીજા નંબરે રહ્યા હતા સુગમ સંગીતમાં પટેલ આશ્લેષાબેન વિઠ્ઠલભાઈ ત્રીજા ક્રમે રહ્યા હતા આમ કલા મહાકુંભ ૨૦૨૨ માં શ્રી ઓધવ વિદ્યા મંદિર નું પરિણામ સુંદર આવ્યું હતું જેને લઈને ટ્રસ્ટી મંડળના સૌ હોદ્દેદારોએ આચાર્યશ્રી જીજ્ઞેશભાઈ પટેલ અને તમામ શિક્ષકો અને તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સરડોઈના બ્રાહ્મણ પરિવારે અનોખી રીતે શ્રાદ્ધ ઉજવ્યું : શાળાના બાળકો, જરૂરિયાતમંદ બહેનોને ભેટ અપાઈ



હાલ પૂર્વજોને તૃપ્ત કરવા માટે શ્રાદ્ધપક્ષ ચાલી રહ્યો છે ત્યારે મોડાસા તાલુકાના સરડોઈ ગામના ત્રિવેદી પરિવારે અનોખી રીતે શ્રાદ્ધ ઉજવ્યું છે જેમાં સ્વ - મધુકાંતા ગણપતલાલ ત્રિવેદી ના શ્રાદ્ધ પ્રસંગે પ્રાથમિક શાળાના બાળકોને બિસ્કીટ તેમજ પ્લાસ્ટિક બાઉલ નું વિતરણ કરવાની સાથે જરૂરીયાતમંદ મહિલાઓમાં ધાબળાનું વિતરણ કર્યું હતું આ પ્રસંગે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. હિન્દુ પરંપરામાં શ્રાદ્ધનું આગવું મહત્વ છે.પિતૃઓ તરફતી શાંતિ અને કૃપા મેળવવા માટે ભાદરવા માસમાં શ્રાદ્ધ ઉજવી પિતૃઓને તૃપ્ત કરવામાં આવતા હોય છે જેમાં મોટા ભાગે કાગવાસ નાખી દૂધ પૂરી નું જમણ પરિવારો કરતાં હોય છે પરંતુ મોડાસા તાલુકાના સરડોઈ ગામે ત્રિવેદી પરિવારે પોતાના સ્વજન સ્વ.મધૂકાંતા બહેનના શ્રાદ્ધ પ્રસંગે તા.૧૪ ના રોજ ગણપતલાલ ત્રિવેદી, સામાજિક કાર્યકર નીતા બહેન ત્રિવેદી ( મુંબઈ),જીતેન્દ્ર કુમાર ત્રિવેદી અને મનોજ કુમાર ત્રિવેદી વગેરેના સહયોગ થી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૨૦૦ થી વધુ બાળકોને શ્રાદ્ધ પ્રસંગે બિસ્કીટ તેમજ પ્લાસ્ટિક બાઉલનું વિતરણ કર્યું હતું. જ્યારે મુંબઈ ની અનેક સામાજિક સંસ્થા સાથે સેવાકાર્યોથી જોડાયેલા નીતા બહેન ત્રિવેદીના હસ્તે જરૂરિયાતમંદ મહિલાઓને નિશુલ્ક ધાબળા આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે પરિવારના તમામ સભ્યો ઉપસ્થિત રહી શ્રાદ્ધની અનોખી ઉજવણી કરી હતી.

## જુના ડીસાના ગંગાજી વ્હોળામાં મૃત ગાયોનો આડેધડ નિકાલ



બનાસકાંઠા જિલ્લામાં પશુઓમાં લંપી વાયરસના હાહાકાર વચ્ચે ડીસા નજીકના જુનાડીસા ગામે ધન કચરાના પ્લાન્ટ નજીક ગંગાજી વ્હોળામાં રાતના સુમારે આડેધડ મૃત ગાયો ઠલવાતા પરાવાર દુર્ગંધ ફેલાઈ છે. જેથી ગામ માથે રોગચાળાનો ખતરો મંડરાયો છે. જુનાડીસાના ગંગાજી વ્હોળામાં બિન અધિકૃત રીતે ડીસા પાલિકાનો ધન કચરો ઠલવાય છે. જેમાં કચરા સાથે મેડીકલ વેસ્ટ સહીત દુનિયાભરની ગંદકી ઠલવાય છે. ત્યારે હાલમાં ગાયોમાં લંપી વાયરસે ઉથલો માર્યો છે. જેથી ગાયો મોતને ભેટી રહી છે. જેમાં કેટલાક લોકો મૃત ગાયને દફનાવવાને બદલે રાતના સુમારે ટ્રેક્ટર મારફત આડેધડ ગંગાજી વ્હોળમાં ફેંકી દેવામાં આવે છે. જેના કારણે પરાવાર દુર્ગંધથી અહીંથી પસાર થવું મુશ્કેલ બની જાય છે. તેથી ગાયોની આ રીતે ફેંકતા લોકો સામે રહીશો ફીટકાર વરસાવી રહ્યાં છે. મૃત ગાયોના આડેધડ નિકાલથી ગંભીર રોગચાળાનો પણ ખતરો મંડરાયો છે. આ બાબતે જવાબદાર તંત્ર સત્વરે ઘટતા પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

## પાલનપુરમાં ૧ કલાક ૨.૧૬ ઈંચ વરસાદ : ૨૦૦ ગામોને સાંકળતો ૫૦ વર્ષથી નદીના સ્વરૂપમાં ફેરવાતો પાલનપુરનો માર્ગ



બનાસકાંઠા જીલ્લામાં ત્રીજા રાઉન્ડમાં શરૂ થાયેલા વરસાદ મંગળવારે પણ રાબેતા મુજબ બપોર પછી પડ્યો હતો. જ્યાં પાલનપુરમાં બડધાટી બોલાવતાં એક કલાકમાં સવાબે ઈંચ ખાબકી જતાં શહેર પાણીપાણી થઇ ગયું હતુ. જ્યાં ૨૦૦ ગામોને સાંકળતો ૫૦ વર્ષથી નદીના સ્વરૂપમાં ફેરવાતો માર્ગ અડધો કલાક સુધી બંધ થઈ જતાં વાહન ચાલકો અટવાયા હતા. બીજી તરફ વડગામ ૧ ઈંચ, ડીસા ૧ ઈંચ, પાંથાવાડા ૧ ઈંચ, દાંતીવાડા અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. ઈકબાલગઢમાં વાવાઝોડાથી છાપરા ઉડતાં નાસભાગ મચી જવા પામી હતી. શહેરના ઉપરવાસમાંથી આવતા પાણીથી જાહેર માર્ગોએ નદીનું સ્વરૂપ ધારણ કરી લીધું હતુ. જ્યાં નાની બજાર, કમાલપુરા, સાતસંચા, દિલખુશાલબાગ સહિત કોટ અંદરના વિસ્તારનું પાણી વાયા કલાલપુરા માર્ગ ઉપર આવતાં આ માર્ગ નદીના સ્વરૂપમાં ફેરાવાઈ ગયો હતો. કેડ ઉપર પાણી વહેતા કંથેરીયા હનુમાન જવાના માર્ગથી આગળ જતાં અંબાજી, જલોત્રા, ગોળા, માલણ, વાસણ, ધાણધા સહિત ૨૦૦ ઉપરાંત ગામોના વાહન ચાલકોને અડધો કલાક સુધી અટવાઈ જવું પડ્યું હતુ.

# જિલ્લામાં વન કર્મીઓની હડતાલથી જંગલમાં લીલા વૃક્ષોનું નિકંદન નિકળવાની દહેશત

### અધિકારીઓએ ઓફીસમાં બેઠા બેઠા રોજમદારોની વ્યવસ્થા ગોઠવી !! : એક અઠવાડીયાથી હડતાલમાં કામગીરી ઠપ્પ

બાયડ (બૂરો ઓફિસ), તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગ્રેડ-પે મુદે ૨૦૦થી વધુ વન કર્મીઓ અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતર્યા છે. હડતાલને એક અઠવાડીયાનો સમય વીતી ગયો છે છતાં તેનો કોઈ ઉકેલ આવ્યો નથી જેના કારણે જંગલોમાં લીલા વૃક્ષોનું નિકંદન નિકળવાની દહેશત છે. જિલ્લામાં વર્ષોથી વૃક્ષછેદન પ્રવૃત્તિએ માજા મૂકેલી છે ત્યાં હડતાલના કારણે જંગલની જાળવણી અને સુરક્ષા અદ્ધરતાલ બની જતાં વન વિભાગમાં કામગીરી ઠપ્પ થઈ છે. જ્યારે ઉચ્ચ અધિકારીઓએ ઓફીસમાં બેઠા બેઠા રોજમદારોના માથે જંગલની જવાબદારી થોપી દીધી છે.



રાજ્ય વન રક્ષક કર્મચારી મંડળના નેજા હેઠળ જિલ્લાના વન કર્મચારીઓએ પડતર માંગણીઓ મુદે અચોક્કસ મુદતની હડતાલનું શસ્ત્ર ઉગામ્યું છે. ગ્રેડ-પે સહિતની માંગણીઓ મુદે અગાઉ વારંવાર સરકારમાં રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તેનો કોઈ ઉકેલ આવ્યો નથી જેથી વન રક્ષકો અને વનપાલ સહિતના કર્મચારીઓ હડતાલમાં જોડાયા છે જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વન વિભાગમાં દૈનિક કામગીરી ઠપ્પ થઈ છે. જિલ્લામાં જંગલોની સાચવણી તેમજ વન્ય પ્રાણીઓની સુરક્ષા સહિતની કામગીરી બજાવતા વન કર્મચારીઓ હડતાલ ઉપર ઉતર્યા છે. જેથી હવે જંગલ વિસ્તારમાં વૃક્ષછેદન પ્રવૃત્તિ વકરવાની દહેશત સેવાય છે. જિલ્લામાં વન અને વન્ય પ્રાણી સંરક્ષણ, રોપા વિતરણ, નર્સરી અને વાવેતરની જાળવણી સહિતની કામગીરી કર્મચારીઓ સુપેરે બજાવતા હોય છે પરંતુ વિભાગ દ્વારા ઘણા લાંબા સમયથી પડતર માંગણીઓ પૂરી કરવામાં ન આવતાં આખરે રાજયભરના વન કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા છે જેમાં જિલ્લાના વન રક્ષક અને વનપાલોએ પણ અચોક્કસ મુદતની હડતાલને સમર્થન આપ્યા પછી એક અઠવાડીયાનો સમય વીતી જતાં જંગલ વિસ્તારમાં થતી કામગીરી અદ્ધરતાલ બની છે. જિલ્લામાં ઉચ્ચ અધિકારીઓ વન વિભાગની કામગીરી ઉપર કોઈ અસર થઈ નથી રહી તેવા દાવા કરી જંગલ જાળવણીની તમામ જવાબદારીઓ રોજમદારો ઉપર મૂકી દીધી છે. એક રીતે અધિકારીઓએ અચોક્કસ મુદતની હડતાલમાં વૈકલ્પિક વ્યવસ્થા શોધી કાઢી હોય તેમ રોજમદારોને જંગલ જાળવણીની કામગીરી સોંપી પોતે ઓફીસમાં બેઠા બેઠા વિભાગની કામગીરીને કોઈ અસર થઈ નથી તેવા દાવા કરી રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી જંગલ વિસ્તારમાં વનપાલ તેમજ અન્ય કર્મચારીઓની સવાર થી સાંજ સુધી જંગલ વિસ્તારમાં હાજરી રહેતી હોવાથી વૃક્ષછેદન પ્રવૃત્તિ ઉપર અંકુશ આવ્યો છે પરંતુ હવે જંગલ વિસ્તાર હડતાલના કારણે રણીધણી વગરનો થઈ જતાં વૃક્ષછેદન પ્રવૃત્તિ વકરવાની સંભાવના વ્યક્ત થઈ છે.


# ગાબટ પંથકમાં દરરોજ સમી સાંજે વિજ ધાંધિયાથી પ્રજા, પશુપાલકોમાં રોષ

### વિજ તંત્ર સુધાર નહીં લાવે તો કચેરી ઘેરવાનો નિર્ણય

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૪

બાયડ તાલુકાના ગાબટ પંથકમાં દરરોજ સમી સાંજ થતાં વીજળી ગાયબ થઈ જાય છે. તેના કારણે પ્રજા અને પશુપાલકોમાં રોષ વધ્યો છે. સાઠંબા વિજ વિભાગ દ્વારા હવે પછી રાબેતા મુજબ વિજ પુરવઠો આપવામાં નહીં આવે તો કચેરી ઘેરવાનો નિર્ણય કરાયાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા કેટલાય સમયથી સાઠંબા જી.ઈ.બી.ના કથળતા વહીવટ સામે ખેડૂતો પછી પ્રજા અને પશુપાલકોમાં રોષ પ્રવર્તિ રહ્યો છે. ગત મહિને ઉર્જા મંત્રી સાથે યોજાયેલી બેઠકમાં પણ સાઠંબા જી.ઈ.બી.ની ખાડે ગયેલી




કામગીરી સામે ફરિયાદ સામે આવી હતી. છેલ્લા ૧૫ દિવસથી ગાબટ પંથકમાં સમી સાંજ થવાની હોય એટલે વીજળી ડૂલ થઈ જાય છે જેના કારણે પશુપાલકોથી માંડી ઘરકામ કરતી મહિલાઓ મુશ્કેલીમાં મૂકાઈ રહી છે. વિજ તંત્રના જવાબદાર ઈજનેરને સ્થાનિક આગેવાનો દ્વારા સંપર્ક કરવામાં આવે ત્યારે કોઈનો મોબાઈલ ઉપાડતા ન હોવાની વ્યાપક ફરિયાદો ઉર્જા વિભાગ સુધી પહોંચી છે. વારંવારના વીજળીના રીસામણાથી અનેક પ્રજાજનોના વિજ ઉપકરણો નકામા બની ગયા છે. આ સ્થિતિ લાંબો સમય ચાલશે તો આ વિસ્તારની પ્રજા વિજતંત્ર સામે આંદોલન કરશે તેમ જાણવા મળ્યું છે.

જરુર પડે વિજ કચેરીનો ઘેરાવો કરીશું - પૂર્વ ઉપસરપંચ ( ગાબટના પૂર્વ ઉપસરપંચ ઉમેશ આર. પંડ્યાએ જણાવ્યું કે છેલ્લા કેટલાક સમયથી સમી સાંજ થતાં વીજળી ગાયબ થઈ જાય છે. સાઠંબા કચેરીના અધિકારી અને કર્મચારીઓ યોગ્ય જવાબ આપતા નથી. રાબેતા મુજબ વિજ પુરવઠો નહીં મળે તો આ વિસ્તારના પશુપાલકો અને પ્રજા આવતા સપ્તાહે સાઠંબા વિજ કચેરીનો ઘેરાવો કરશે.

## પ્રાંતિજ ખાતે વી.સી.ઈ ઓ દ્વારા આવેદનપત્ર આપ્યુ



પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામા વી.સી.ઈ ઓ તરીકે કામ કરતા વી.સી.ઈ ઓને છેલ્લા ત્રણ વર્ષ થી ચુંટણી દરમ્યાન પટાવાળા તરીકે ઓર્ડર આપવામા આવતા તેવોનુ સ્વમાન ને હાની પોહચતા ચુંટણી પહેલા પ્રાંતિજ તાલુકા વી.સી.ઈ ઓ દ્વારા ત્રણ જગ્યાએ આવેદનપત્ર સુપ્રત કરવામા આવ્યુ હતુ અને પટાવાળા તરીકે ઓર્ડર ના કરવા રજુઆત કરી

પ્રાંતિજ તાલુકા વી.સી.ઈ ઓને છેલ્લા ત્રણ વર્ષ થી તેવોને ચુંટણી મા પટાવાળા તરીકે ઓર્ડર આપવામા આવે છે જેને લઈ ને વી.સી.ઈ ઓ દ્વારા આગામી ચુંટણી મા પટાવાળા તરીકે ઓર્ડર ના કરવા બાબતે પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી એમ.એન.ડોડીયા તથા પ્રાંતિજ મામલતદાર વી.આર.પટેલ તથા પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ ચૌધરી ને આવેદનપત્ર આપ્યુ હતુ અને આવેદનપત્ર દ્વારા લેખિત મા રજુઆત પણ કરી હતી કે આગામી ચુંટણીમા પટાવાળા તરીકે અમારો ઓર્ડર ના કરવા માટે ત્રણેય જગ્યાએ આવેદનપત્ર આપીને રજુઆત કરી હતી અને ચુંટણી સમયે અમારો ઓર્ડર પટાવાળા તરીકે થતા વી.સી.ઈ ઓ નુ સ્વમાન ને હાની થાય છે અને પ્રાંતિજ તાલુકા સિવાય કોઈ પણ જગ્યાએ વી.સી.ઈ ઓને આવી કામગીરી સોપવામા આવતી નથી જેથી પ્રાંતિજ તાલુકાના વી.સી.ઈ ઓ ને આવી કામગીરી સોંપવામા ના આવે તેવી વિનંતી છે તો વી.સી.ઈ ઓ એક ટેકનીકલ કર્મચારી છે જેને આ કામગીરી કરાવાની થતી નથી અને ચુંટણી માં કોઈ ટેકનિકલ કામ હોય તો વી.સી.ઈ ઓ કરવા માટે તૈયાર છે જે મુજબ વી.સી.ઈ ઓની માંગણીને ધ્યાને લઈ ને વી.સી.ઈ ઓનુ સ્વમાન જળવાઈ રહે તેવી કામગીરી આપવા આવેદનપત્ર દ્વારા વિનંતી કરી હતી અને રજુઆતો કરી હતી તો તેવોની પડતર માંગણીઓને લઈ ને હાલ અચોક્કસ મુદત ની હડતાલ પર ઉતર્યા છે જે અંગે પડતર માંગણીઓ સરકાર દ્વારા સ્વિકારવામા આવે તેવી રજુઆતો કરવા અધિકારીઓને વિનંતી કરી હતી તો આ પ્રસંગે જિલ્લા પ્રમુખ નરેન્દ્રભાઈ વાણિયા , તાલુકા પ્રમુખ વિજયસિંહ રાઠોડ , ઉપપ્રમુખ બળવંતસિંહ એમ.ચૌહાણ સહિત પ્રાંતિજ તાલુકાના વી.સી.ઈ મંડળ ના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આવતી ચુંટણી મા પટાવાળા તરીકે ઓર્ડર ના કરવા માટે રજુઆત કરી હતી

## ૩૬મી નેશનલ ગેમ્સને લઈને અરવલ્લી જિલ્લામાં 'Celebrating Unity through Sports' થીમ હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાશે

મોડાસા, તા. ૧૪

ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓમાં ખેલ માટે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે તા. ૧૫ મી સપ્ટેમ્બરથી શાળા-કોલેજોમાં વિવિધ રમત-



ગમત કાર્યક્રમોનું આયોજન તા.૨૯ સપ્ટેમ્બર થી તા.૧૨ ઓક્ટોબર-૨૦૨૨ દરમિયાન ૩૬ મી નેશનલ ગેમ્સ અંતર્ગત જિલ્લામાં લોકોનો ઉત્સાહ વધારવા આ કાર્યક્રમ યોજાશે. "Celebrating Unity through Sports" થીમ હેઠળ કાર્યક્રમ યોજાશે. અરવલ્લી જિલ્લામાં આ કાર્યક્રમો તા.૧૫ મી સપ્ટેમ્બરથી શરૂ થશે- કલેકટર ડો. નરેન્દ્રકુમાર મિના ૩૬ મી નેશનલ ગેમ્સ અંગે જાગૃતિ અભિયાન અંતર્ગત 'celebrating unity through sports' થીમ હેઠળ તા. તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ થી વિવિધ કાર્યક્રમો રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, ગુજરાત સરકાર દ્વારા યોજવામાં આવશે. નેશનલ ગેમ્સ સંદર્ભે શાળા/ કોલેજ કક્ષાએ થનાર કાર્યક્રમો અને ૩૬ મી નેશનલ ગેમ્સના આયોજન બાબતે અરવલ્લી કલેકટર ડૉ. નરેન્દ્રકુમાર મીના દ્વારા આજરોજ સભાખંડ, કલેકટર કચેરી, મોડાસા ખાતે પત્રકાર પરીષદનું આયોજન કરવામાં આવ્યું હતુ

# લવ જેહાદ :ડીસાની સગીરાને વિધર્મી યુવક ભગાડી ગયો

ડીસા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં તાજેતરમાં જ એક મુસ્લિમ યુવક હિન્દૂ યુવતીને ફસાવી ધર્માંતરણ કરાવ્યું હતું.જેના ઘેરા પ્રત્યાઘાતો પડતા ડીસા સજ્જડ બંધ રહ્યું હતું.તેમછતાં ડીસાના જુનાડીસા રોડ પર ગંગાજી વ્હોળામાં રહેતા શ્રમિક પરિવારની સગીરા રસોઈ બનાવવાનું કામ કરતી હતી.જેમાં તેનો પરિચય પીરસવાનું કામ કરતા શોયબ સુમરાભાઈ સિંધી (રહે. વિરમપુર તા. અમીરગઢ) સાથે થયો હતો. બંને જણા રસોઈ કામમાં સાથે મજૂરી કરતા હોઈ શોયેબે લગ્નની લાલચ આપી તેને મોબાઈલ લઈ આપી ઈન્સ્ટાગ્રામ ઉપર ચેટ અને વાતચીત કરતા શીખવાડી દીધું હતું. ત્યારબાદ તારીખ ૧૦ સપ્ટેમ્બરના રોજ તેને ભગાડીને લઈ ગયો હતો.જેની જાણ તેના પરિવારજનોને થતા તેઓએ ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાનો સંપર્ક કરતા ધારાસભ્યે જિલ્લા પોલીસ વડા અને ડીસા રૂરલ પોલીસને જાણ કરતા પોલીસે અલગ અલગ ટીમો બનાવી બંનેને માત્ર ચાર જ કલાકમાં ઝડપી લીધા હતા.પોલીસે સગીરાની પૂછપરછ કરતા યુવકે તેની સાથે બળજબરીથી દુષ્કર્મ કર્યું હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે શોયેબની ધરપકડ કરી તેની સામે દુષ્કર્મ અને પોસ્કો એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અરવલ્લી : કચ્છી પટેલ યુવકનો શંકાસ્પદ હાલતમાં બુટાલ નજીકથી મૃતદેહ મળ્યો

### દોલપુરનો યુવક એક દિવસથી ગુમ થયો હતો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના દોલપુરનો ૪૨ વર્ષીય યુવક ઘરે થી ધનસુરા બજારમાં બાઈક લઈ જવા નીકળેલ યુવક ગુમ થઈ જતા પરિવારજનોએ ભારે શોધખોળ હાથધરી હતી ગુમ થયેલ યુવકની લાશ બુટાલ ગામ નજીક વીજતંત્ર કચેરી સામેથી યુવકનો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી હતી મૃતકના પરિવારજનો અને મોટી સંખ્યમાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ધનસુરા પોલીસ અને ઉચ્ચ પોલીસ





અધિકારીઓ સ્થળ પર પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી કચ્છી પટેલ સમાજના ૪૨ વર્ષીય યુવકની લાશ મળી આવતા સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ધનસુરા તાલુકાના દોલપુર ગામે રહેતો વસંત કુમાર જેઠાભાઈ વેલાણી ફોટો સ્ટુડિયોના ધંધા સાથે સંકળાયેલ છે સોમવારે બપોરે યુવક ઘરેથી બાઈક લઈ બજારમાં કામકાજ હોવાનું કહી નીકળ્યા પછી મોડી સાંજ સુધી ઘરે પરત ન ફરતા અને સંપર્ક વિહોણો થતા પરિવારજનોએ શોધખોળ હાથધરી હતી મંગળવારે રાત્રે ગુમ યુવકની લાશ બુટાલ નજીક વીજ કચેરી સામે થી મળી આવતા પરિવારજનો દોડી આવ્યા હતા અને રોક્કોકળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. દોલપુર ગામના વસંત કુમાર વેલાણી નામના યુવકનો મૃતદેહ મળી આવતા સમાજના અગ્રણીઓ અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને મૃતકના મોત અંગે શંકાઓ વ્યક્ત કરી હતી ધનસુરા પોલીસ સહીત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી ઝીણવટ ભરી તપાસ હાથધરી હતી.

### તલાટીને ધક્કો મારી કમ્પાઉન્ડમાંથી ટ્રેક્ટર ઉઠાવ્યું

## વડાલી મામલતદાર કચેરીના કમ્પાઉન્ડમાંથી ખનિજ ચોરીમાં પકડાયેલું ટ્રેક્ટર દાદાગીરીથી છોડાવી લીધું

### ખનિજ ચોર છાગટા બન્યાનો તંત્રને અનુભવ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૪

વડાલી મામલતદાર કચેરીમાંથી ખનિજ ચોરીમાં પકડાયેલું ટ્રેક્ટર દાદાગીરીથી છોડાવી લીધાનો મામલો સામે આવતાં તંત્ર ઉંધા માથે થઈ ગયું છે. બનાવ અંગે વડાલી પોલીસે ગઢડાશામળાજીના આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



મળતી વિગતો અનુસાર સાબરકાંઠા જિલ્લામાં સાદી ખનિજ ચોરીનું પ્રમાણ વધ્યું છે. કેટલાક કિસ્સાઓમાં ખનિજ ચોરો અધિકારીઓ અને કાયદાની રક્ષક પોલીસને ગાંઠતા ન હોવાના બનાવ પોલીસ દફતરે નોંધાયેલા છે. છેલ્લા કેટલાય સમયથી ખનિજ ચોરી અને અધિકારીઓની મીલીભગત જગજાહેર છે અને કોઈવાર ખનિજ ચોરી કરતું વાહન ઝડપાય એટલે ઉપરવટ જઈને કાયદાની ભંગ કરતા હોય છે. વડાલી તાલુકાના જેતપુર પાટીયા પાસેથી મામલતદાર એન.ડી.પટેલે સોમવારે રેતી ભરીને જતું ટ્રેક્ટર ઉભું રખાવ્યું હતું અને ચાલક પાસે રોયલ્ટી પાસ માગ્યો પરંતુ તેની પાસે કોઈ દસ્તાવેજ ન હોવાથી સાદી ખનિજ ચોરીનું હોવાનું જણાતાં ટ્રેક્ટર તંત્ર દ્વારા મામલતદાર કચેરી કમ્પાઉન્ડમાં લાવ્યા પછી તલાટી કમ મંત્રી રાજેન્દ્ર પટેલને જરૂરી કાર્યવાહી કરવા માટે દસ્તાવેજ તૈયાર કરવા માટે જણાવ્યું તે સમયે ચાલક ભરતભાઈ જીવરાજભાઈ રબારી(રહે.ગઢડાશામળાજી) તલાટી કમ મંત્રીને ધક્કો આપી ધમકી આપ્યા પછી ટ્રેક્ટર લઈને રફુચક્કર થઈ ગયો હતો. આ બનાવથી તંત્રની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયા છે. વડાલી પોલીસે આરોપી વિરુદ્ધ ઈ.પી.કો. કલમ-૩૫૩ સહિતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# પ્રાંતિજના મોયદ ખાતે સિવણ તાલીમ વર્ગ શરૂ કરવામા આવ્યો

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મોયદ ખાતે સર્જન ફાઉન્ડેશન સંચાલિત 'જીવન કૌશલ્ય' તાલીમ કેન્દ્ર દ્વારા શિવણ તાલીમ વર્ગ શરૂ કરવામા આવ્યો જેમા ૩૧ તાલીમ માંથી બહેનોને સિલાઈ ની કિટ નુ વિતરણ કરવામા આવ્યુ. પ્રાંતિજ ખાતે કાર્યરત સર્જન ફાઉન્ડેશન સંચાલિત "જીવન કૌશલ્ય "તાલીમ કેન્દ્ર " પ્રાંતિજ ખાતે વર્ષ ૨૦૧૧-૧૨ થી બહેનોને શિવણ કલાસ, બ્યુટીપાર્લર, હેન્ડીકાફટ જેવી વિવિધ તાલીમો આપી પગભર કરવામા આવે છે ત્યારે પ્રાંતિજ તાલુકાના મોયદ ખાતે સંસ્થા દ્વારા શિવણ




તાલીમ વર્ગ શરૂ કરવામા આવ્યો હતો જેમા તાલીમ વર્ગ ની-૩૧ બહેનોને ઈનર વ્હીલ કલબ અમદાવાદ સાઉથ દ્વારા તાલીમ ને લગતી વિવિધ સામગ્રીની કીટ વિતરણ કરવામા આવી હતી તો આ પ્રસંગે મોયદ સરપંચ મહેન્દ્રભાઈ પટેલ, સંસ્થા ના પ્રોજેક્ટ ઓફિસર અશોકભાઈ પરમાર, પ્રાંતિજ કેન્દ્ર ના ઈન્સ્ટૂકટર નેહાબેન ભટ્ટ, મોયદ ના ઈન્સ્ટૂકટર કાજલબેન ચૌહાણ તેમજ ગામના ઉત્સાહી યુવક અજયભાઈ દેસાઈ હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવવામા સહકાર આપ્યો હતો.